દેશ-પરદેશની
આજકાલ

# ગુરૂકુળ કોલેજમાં કારકીર્દી માર્ગદર્શન અંગે કાર્યક્રમ સંપન્ન

## જુદી-જુદી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કઈ રીતે કરવી એ અંગે ચર્ચાઓ થઈ

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર

પોરબંદરની ગુરૂકુળ મહીલા કોલેજમાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમીતે ઉચ્ચશિક્ષણ મેળવી રહેલી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા કાર્યક્રમ યોજાયો હતો.

રાજકોટના પ્રાધ્યાપક પ્રિયાંક ગોકાણીએ વિદ્યાર્થીનીઓ સમક્ષ કઈ રીતે એમ.બી.એ., એમ.સી.એ.માં પ્રવેશ મેળવવો અને તે માટે કઈ રીતે સી-મેટ પરીક્ષાની તૈયારી કરવી એ વિષય ઉપર સુંદર પ્રેઝન્ટેશન આપેલું. તથા એમ.બી.એ અને એમ.સી.એ. પૂર્ણ કર્યા બાદ વિવિધ ક્ષેત્રોમાં રહેલી નોકરીની ઉમદા તકોની માહિતી પુરી પાડેલી. તદઉપરાંત તેઓશ્રીએ આજના ઈ-વિશ્વમાં કઈ રીતે પોતાની આગવી સુઝ-બુઝ અને વ્યકિતત્વના વિકાસથી પોતાની કેરીઅરને સ્થાપિત કરવી એ વિષય પર પણ સુંદર ચર્ચા કરેલી અને વિદ્યાર્થીનીંઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અપડેટ રહેવા શું કરવું? તેની સમજ આપેલી. તેઓએ આજના વૈશ્વિકરણના યુગમાં પ્રત્યેક વિદ્યાર્થી કોમ્પ્યુટર લેંગ્વેજ તથા અંગ્રેજી ભાષાનું પુરતુ જ્ઞાન પ્રાપ્ત કરે એની જરૂરીયાત પર ભાર મુકેલો. વિદ્યાર્થીનીઓએ પણ વિવિધ પ્રશ્નો દ્વારા પ્રેઝન્ટેશનને રસપ્રદ બનાવેલું. સંસ્થાના ઈન્ચાર્જ પ્રિન્સીપાલશ્રી ડો. જયેશભાઈ ભટ્ટ દ્વારા કોલેજની બહેનો યોગ્ય ધ્યેય પ્રાપ્તિ માટે કટીબધ્ધ બને અને સતત વિકાસ પ્રાપ્ત કરે એ માટે કારકીર્દી લક્ષી આ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવાનો પ્રયત્ન થયેલો અને એ પ્રયત્ન સાર્થક થાય એ શુભકામના તેઓએ પાઠવેલી. સમગ્ર કાર્યક્રમનું કોર્ડીનેશન ઉદિશા કોલેજ કોર્ડીનેટર ડો. નયન ટાંકા તથા શ્રી અરવિંદભાઈ રાવલીયા દ્વારા કરવામાં આવેલું. સમગ્ર કાર્યક્રમને વિદ્યાર્થીની બહેનોએ આતુરતાપૂર્વક આવકારેલો. કાર્યક્રમની સફળતાને આર્યકન્યા વિદ્યાલય ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટીશ્રી ધીરેન્દ્રભાઈ મહેતા તથા શ્રી મેધાવીનીબહેન મહેતા, માનદ મંત્રીશ્રી સુરેશભાઈ કોઠારી તથા ચીફ કોર્ડીનેટર શ્રી પ્રજ્ઞાબહેન ગજજરે બીરદાવેલી.

# ગુરૂકુળ મહિલા કોલેજમાં યોજાયો કારકીર્દી વિષયક વર્કશોપ

## કારકીર્દી કઈ દિશામાં લઈ જવી? તથા સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા કેમ મેળવવી? તે અંગે અપાયું માર્ગદર્શન

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદરમાં હજારો વિદ્યાર્થીઓનું બૌદ્ધિક ઘડતર કરતી આર્યકન્યા ગુરૂકુળ મહિલા કોલેજ ખાતે કારકીર્દી વિષયક વર્કશોપ યોજવામાં આવતા મોટી સંખ્યામાં છાત્રાઓએ ભાગ લીધો હતો.

ઉચ્ચ શિક્ષણના અતિમહત્વના તબકકા દરમિયાન વિદ્યાર્થીનીઓની કારકીર્દીનું સુઆયોજીત ઘડતર થાય તે માટે સતત પ્રયત્નશીલ ગુરૂકુલ મહિલા કોલેજ, પોરબંદર દ્વારા કારકીર્દીલક્ષી વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. આ વર્કશોપમાં સનસાઈન ગ્રુપ ઓફ ઈન્સ્ટીટયુશન્સના પ્રાધ્યાપક પ્રિયંકભાઈ ગોકાણીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને આજના સ્પર્ધાત્મક યુગમાં પોતાના વ્યકિતત્વને કઈ રીતે શ્રેષ્ઠ બનાવવું તે અંગે માર્ગદર્શન આપેલું. તેઓએ એમ.બી.એ., એમ.સી.એ., જેવા કોર્ષની પ્રવેશ પરીક્ષા સી મેટમાં સફળતા મેળવવા માટે કઈ રીતે તૈયારી કરવી, કઈ રીતે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા, કેવા પ્રકારની કોલેજની પસંદગી કરવી વિગેરેની વિસ્તૃત માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપેલી.



ગુરૂકુળ મહિલા કોલેજમાં વિદ્યાર્થીનીઓ માટે કારકીર્દી ઘડતર વિષયક વર્કશોપ યોજાયો તેની તસ્વીર. (તસ્વીરઃ જીજ્ઞેશ પોપટ)

તદ્ઉપરાંત તેઓએ વિવિધ સોફટ સ્કીલ્સ અને કોમ્યુનિકેશન સ્કીલ્સ પર પ્રભુત્વ મેળવવાની ટીપ્સ પણ આપેલી. તેઓના મતે આજના સમયમાં વિદ્યાર્થીનીઓએ વિકાસ કરવા માટે કોમ્પ્યુટર શિક્ષણ અને અંગ્રેજી ભાષાનું પ્રાથમિક જ્ઞાન મેળવવું જ પડશે. આ વર્કશોપમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. જયેશભાઈ ભટ્ટ દ્વારા વિદ્યાર્થીનીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે કટીબધ્ધ થવા આહવાન અપાયેલું અને કારકીર્દી ઘડતરના પ્રત્યેક તબકકે જરૂરી માર્ગદર્શન આપવાની ખાત્રી આપેલી. સમગ્ર કાર્યક્રમનું કોઓર્ડીનેશન પ્રા. ડો. યનનભાઈ ટાંક દ્વારા કરવામાં આવેલું અને શ્રી અરવિંદભાઈ રાવલીયાએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલી. આ વર્કશોપમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ હાજર રહી માર્ગદર્શન મેળવેલું.

દિવ્યભાસ્કર - 7-1-16

# ગુરૂકુલ મહિલા કોલેજમાં ઉદિશા દ્વારા કારકિર્દી વિકાસ કાર્યક્રમ



સ્પર્ધાત્મક પરીક્ષામાં કઇ રીતે પાસ થવું એ અંગેનું માર્ગદર્શન અપાયું. • કે.કે.સામાણી

## બાળઅધિકારોના કાયદાથી વિદ્યાર્થીઓને વાકેફ કરાયા

ભાસ્કર ન્યૂઝ. પોરબંદર

આજના સમયમાં જ્ઞાન-વિજ્ઞાનના વધી રહેલા વ્યાપની સાથે કારકિર્દીની પુષ્કળ તકો પણ ઉપલબ્ધ થતી જ હોય ત્યારે ઉચ્ચશિક્ષણ દરમિયાન છાત્રો અવનવી કારકિર્દીની દિશાઓથી માહિતગાર થાય અને વૈજ્ઞાનિક ઢબે પરીશ્રમ કરી સુદ્રઢ કારકિર્દીનું નિર્માણ કરી સમાજમાં સશક્તપણે પોતાના વ્યક્તિત્વને રજૂ કરી શકે તે માટે કાર્યશીલ ગુરૂકુલ મહિલા કોલેજના ઉદિશા ચેપ્ટરના માધ્યમથી કારકિર્દી વિકાસ કાર્યક્રમ ગઈકાલે યોજાયો હતો. જેમાં કઈ રીતે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરી સફળ થવું અને કઈ રીતે કારકિર્દી બનાવવી તેનું તમામ માર્ગદર્શન અપાયું હતું. અને પ્રશ્નોતરી પણ કરાઇ હતી.

# આર્યકન્યા ગુરૂકુળમાં કારકીર્દી માર્ગદર્શન સેમીનાર યોજાયો

## મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે થયું આયોજનઃ જુદા-જુદા ક્ષેત્રોમાં રોજગાર માટે મહિલાઓ આગળ આવે તેવી અપીલઃ રસરૂચી હોય તેવા જ ક્ષેત્રમાં આગળ વધવા આગેવાનોએ સમજ આપી

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર



પોરબંદરની આર્યકન્યા ગુરૂકુળ મહિલા કોલેજમાં મહિલા સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત શિક્ષણ અને કારકીર્દી અંગે માર્ગદર્શક પરિસંવાદ યોજાયો ત્યારની તસ્વીર. (તસ્વીરઃ જીજ્ઞેશ પાપર)

પોરબંદરની આર્યકન્યા ગુરૂકુળ મહિલા કોલેજમાં મહિલા સશક્તિકરણ પખવાડીયાના ભાગરૂપે કારકીર્દી માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ તેના લાભ લીધો હતો અને યોગ્ય દિશામાં કારકીર્દી આગળ ધપાવવા ખાત્રી આપી હતી.

કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સીપાલ ડૉ. જયશ્રીબેન ભટ્ટ દ્વારા શિક્ષણ અને કારકીર્દીની બહેનો માટે વર્તમાન સમયમાં તાતી જરૂરીયાત હોવાનું જણાવી કાર્યક્રમની પ્રસ્તાવના પુરી પાડવામાં આવી અને સમાજમાં રહેલી દાનવવૃત્તિનો પ્રતિકાર કરવા માટે પ્રત્યેક મહિલાએ સશક્ત થવા તેમજ પોતાની કારકીર્દી પરત્વે સભાન થવા ભાર મુકેલો. આ કાર્યક્રમના પ્રારંભમાં જીલ્લા કલેક્ટર મિતેશભાઇ પટેલે સમાજમાં લગભગ ૫૦ ટકા જેટલો હિસ્સો ધરાવતી બહેનોને પોતાનું શ્રેષ્ઠતમ યોગદાન પુરૂ પાડવા આહવાન આપેલું અને તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલના મહિલા સશક્તિકરણના વિઝનને સાકાર કરવા માટે પુરી પાડવામાં આવેલી આ વિશિષ્ટ તકનો બહેનોએ મહત્તમ લાભ લેવા સુચારૂ સુચન કરેલું હતું. તેઓએ વધુને વધુ વિદ્યાર્થીનીઓ વહીવટીતંત્ર, ગૃહવિજ્ઞાન તથા એન્જીનીયરીંગ અને વિમા ક્ષેત્ર એમ અનેકવિધ ક્ષેત્રોમાં પોતાની કારકીર્દી ઉજ્જવળ બનાવવા પધ્ધતિસર માર્ગદર્શન સાથે પરિશ્રમ કરી ગુજરાતનું નામ વિશ્વમાં રોશન કરવા અપીલ કરેલી. ત્યારબાદ સેમીનારના મુખ્ય તજજ્ઞો પૈકી સરકારી પોલીટેકનીક કોલેજના ઇન્ચાર્જ પ્રિન્સીપાલ પ્રદિપભાઇ જોશીએ વિદ્યાર્થીનીઓને રોજગારીના અનેકવિધ ક્ષેત્રો માટે પ્રતિબધ્ધ થવા જરૂરી માર્ગદર્શન પુરૂ પાડેલું. અને તેઓએ વિદ્યાર્થીનીઓને પોતાની કારકીર્દીને યોગ્ય દિશામાં લઇ જવા માટે તક ઉભી કરવા માટેના વ્યવહારીક સુચનો કરેલા. તદઉપરાંત આ કાર્યક્રમના તજજ્ઞ અને ગુરૂકુળ મહિલા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીની એવા દુર્ગાબેન વાદીવાલાએ મહિલાઓ માટે સ્વરોજગારીના વિવિધ આયામો પરત્વે વિગતવાર માહિતી આપી મહિલાઓને સશક્ત કરવા માટે સમાજ અને પરિવારની પણ મહત્વની ભુમિકાની ચર્ચા દ્વારા આવનારા વર્ષોમાં અંગ્રેજી ભાષા અને કમ્પ્યુટર વિષયની જો જાણકારી નહીં હોય તો કારકીર્દીનો વિકાસ અશક્ય બને એવો સુર પણ રજુ કરી વિદ્યાર્થીનીઓને સમયની માંગ સાથે ભાષા અને કમ્પ્યુટર પર પ્રભુત્વ કેળવવા શીખ આપેલી. વિદ્યાર્થીનીઓને હિંમતપૂર્વક રસ અને રૂચીના વિષયમાં આગળ આવવા અનુરોધ કરેલો. આ સાથે કાર્યક્રમના તજજ્ઞ અને જીલ્લા શિક્ષણ તાલીમ ભવન પોરબંદરના પ્રા. ડૉ. ઉપેન મહેતાએ વ્યવસાયીક સજ્જતા માટે ટેકનોલોજીની ઉપયોગીતા પર વિદ્યાર્થીનીઓને માહિતી આપેલી. તેઓએ આજના સમયમાં હાર્ડવર્ક, સ્માર્ટવર્ક અને શાર્પવર્ક માટે ટેકનોલોજીનો ઉપયોગ યથાયોગ્ય રીતે કેમ કરવો અને કારકીર્દીમાં અપડેટ અને અપગ્રેડ કેમ થવું એ વિષય પર મહત્વપૂર્ણ સૂચનો કરેલા તથા કારકીર્દીના મહત્વના તબક્કામાં ક્રિએટીવ અને નાટક થવા પ્રેરણા પુરી પાડેલી. કાર્યક્રમના અંતમાં પોરબંદર જીલ્લા વિકાસ અધિકારી નેમાએ વિદ્યાર્થીનીઓને આત્મવિશ્વાસ સાથે સ્પષ્ટ વક્તા બની જ્ઞાન અને વિજ્ઞાનના આ યુગમાં કારકીર્દીને અને આજના સેમીનારમાં તજજ્ઞો દ્વારા સુચવાયેલા મુદ્દાઓને જીવનમાં ઉતારી સફળ થવા માટે આશિર્વચન આપેલા.

સમગ્ર કાર્યક્રમમાં નોડલ ઓફિસર તરીકે જીલ્લા શિક્ષણ અધિકારી ડૉ. હરીપાણી તથા જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સરડવાએ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પુરા પાડેલા. આ તબક્કે ગુરૂકુળ મહિલા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીની અને હાલમાં પોરબંદર જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન આશાબેન ઓડેદરાએ ઉપસ્થિત રહી મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલું. આ પ્રસંગે જીલ્લા શિક્ષણ વિભાગના અધિકારીઓ આર.વી. મોઢા, દિલીપભાઇ જોશી, શૈલેષભાઇ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને યોગ્ય પરિવેશમાં રજુ કરવા માટે ગુરૂકુળ મહિલા કોલેજના પ્રાર્થના સમિતિના અધ્યાપક ડૉ. કેતકીબેન પંડ્યા, પ્રા. રોહિણીબા જાડેજા, પ્રા. શોભનાબેન વાળા તથા સર્વે વિદ્યાર્થીનીઓએ જહેમત ઉઠાવેલી. આ કાર્યક્રમનું સંચાલન તથા આભાર દર્શન ડૉ. નયનભાઇ ટાંક દ્વારા કરવામાં આવેલું. અતિ ઉપયોગી એવા કારકીર્દીલક્ષી કાર્યક્રમનો પોરબંદર શહેરની કોલેજોની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર લાભ લીધેલો. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે ગુરૂકુળ મહિલા કોલેજના ટીચીંગ-નોનટીચીંગ સ્ટાફે પૂર્ણ સહયોગ પુરો પાડેલ હતા.

"દિવ્ય ભાસ્કર"
તા - 10-8 2015

# કારકિર્દી પરિસંવાદ અંતર્ગત છાત્રાઓને અપાયું માર્ગદર્શન



પોરબંદરમાં હાલ મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી ચાલી રહી છે જે અંતર્ગત પોરબંદર જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા ગુરૂકુળ મહિલા કોલેજ ખાતે કારકિર્દી પરિસંવાદ અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુરૂકુળ મહિલા કોલેજ ઉપરાંત ડો. વી.આર. ગોઢાણિયા કોલેજ, એમ.ડી. સાયન્સ કોલેજની છાત્રાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર દિનેશ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી હરીયાણી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સરડવા, જિલ્લા વિકાસ અધિકારી સી.પી. નેમા, નિર્મલજી ઓડેદરા તથા ગુરૂકુળ મહિલા કોલેજના પ્રિન્સીપાલ જયેશભાઈ ભટ્ટ સહિતના મહાનુભાવોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કારકિર્દી ઉપર પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત તજજ્ઞોમાં દુર્ગાબેન લાદીવાલા, પોલીટેકનિક કોલેજના પ્રિન્સીપાલ પ્રદિપભાઈ જોષી સહિતનાઓએ પણ કારકિર્દી અંતર્ગત છાત્રાઓને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. • કે.કે.સામાણી



# વિદેશમાં ઉચ્ચ અભ્યાસ સાથે નોકરી મેળવવા પોરબંદરમાં અપાયું માર્ગદર્શન

## ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફોર્મેશનનો કાર્યક્રમ ગુરૂકુળ મહિલા કોલેજમાં સંપન્ન

આજકાલ પ્રતિનિધિ - પોરબંદર

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ સાથે નોકરી મેળવવા પોરબંદરમાં ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફોર્મેશનનો કાર્યક્રમ ગુરૂકુળ મહિલા કોલેજમાં સંપન્ન થયો હતો.

ઉચ્ચ શિક્ષણના મહત્વના વર્ષો દરમ્યાન વિદ્યાર્થીઓ પોતાની કારકીર્દી માટે યોગ્ય દ્રષ્ટિકોણ પ્રાપ્ત કરે અને વૈશ્વિક સ્તરે સુદ્રઢ કારકીર્દીનું નિર્માણ કરવા સશક્ત બને તે હેતુસર સતત કાર્ય કરતી પોરબંદર જીલ્લાની ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ઉદિશા પ્રકલ્પ દ્વારા જીલ્લા રોજગાર વિનિમય કચેરીના માધ્યમથી ઓવરસીઝ એમ્પલોયમેન્ટ એન્ડ કેરીઅર ઈન્ફોરમેશન વિષય ઉપર એક વાર્તાલાપ યોજાયો હતો. જેમાં રાજકોટ રોજગાર વિનીમય કચેરીના ઓવરસીઝ કાઉન્સેલર હાર્દિકભાઈ મહેતાએ તજજ્ઞ તરીકે માર્ગદર્શન પુરૂ પાડેલું. હાર્દિકભાઈએ 'થીંક બીગ, ડુ બીગ'ના સ્લોગન સાથે વિદ્યાર્થીનીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે શું શું માહિતી રાખવી એ વિષય પર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આપેલું. તેઓએ





ગુજરાત સરકારના રોજગાર કચેરી વિભાગના ઓવરસીઝ ડીપાર્ટમેન્ટની પ્રાથમિક માહિતી તથા કાર્યોની જાણકારી પુરી પાડેલી. ત્યારબાદ ઓવરસીઝ વિભાગમાં શું શું મદદરૂપ થઈ શકે તેની વિસ્તૃત ચર્ચા કરેલી. વિશ્વની વિવિધ યુનિવર્સિટીઓની કોલેજોમાં ચાલતા અભ્યાસક્રમો, નિયમો, ફી સ્ટ્રકચર, એરફેર, રહેવા-જમવાની સગવડો, એજયુકેશનલ લોન તથા વિદેશની યુનિવર્સિટીઓ દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ, નકકી કરેલા કોર્ષ માટે જરૂરી ખર્ચ, પાર્ટ ટાઈમ જોબ માટેની સગવડ, સમાજ કલ્યાણ ખાતા દ્વારા મળતી સહાય વિગેરે બાબતોમાં ઓવરસીઝ વિભાગ કઈ રીતે વિદ્યાર્થીને મદદરૂપ થઈ શકે તેની માહિતી પુરી પાડેલી. તેઓએ પાસપોર્ટ કેમ તૈયાર કરવો, નકલી પાસપોર્ટથી કેમ બચવું, વીઝાની માહિતી, વીઝા ઈન્ટરવ્યુ કેમ આપવા વિગેરે બાબતોમાં પણ ઓવરસીઝ વિભાગ કઈ રીતે મદદરૂપ થઈ શકે તેની પણ જાણકારી પુરી પાડી હતી. ઈન્ચાર્જ પ્રિન્સીપાલ જયેશભાઈ ભટ્ટે રોજગાર કચેરીની સેવાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

ત્યારબાદ વિદેશમાં ભણવા જતી વખતે આઈઈએલટીએસ/ટોફેલ જેવી પરીક્ષાઓ પણ આપવાની થતી હોય તો આ પરીક્ષાઓ કયા દેશમાં માન્ય છે, તે માટે કેટલા મીનીમમ ગુણાંક જરૂરી છે અને આ પરીક્ષાઓનું પરિણામ કેટલા સમય સુધી માન્ય ગણાય તેની પણ જાણકારી આપેલી અને જીઆરઈ તથા જીમેટની પરીક્ષાઓ વિશે સંક્ષેપ્ત માહિતી પુરી પાડેલી. કારકીર્દીલક્ષી ઓવરસીઝ એજયુકેશનના આ વાર્તાલાપને ગુરૂકુળ મહિલા કોલેજમાં યોજવા માટે પોરબંદર રોજગાર કચેરીના કાઉન્સેલર કાનજીભાઈ જોશીએ જહેમત ઉઠાવેલી અને દિનેશભાઈએ તકનીકી સેવા પુરી પાડેલી. કાર્યક્રમના અંતે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. જયેશભાઈ ભટ્ટે ગુજરાત સરકારની રોજગાર કચેરી દ્વારા પુરી પડાતી સેવાઓનો મહત્તમ લાભ લેવા વિદ્યાર્થીઓને અનુરોધ કરેલો અને વિદ્યાર્થીનીઓએ જો વૈશ્વિક ફલકમાં પોતાની કારકીર્દીને ઘડવી હોય તો અંગ્રેજી ભાષાના શિક્ષણની અનિવાર્યતા અપનાવવી જ પડશે એવું ભારપૂર્વક જણાવેલું અને વિદ્યાર્થીનીઓને પોતાના લક્ષ્ય પ્રાપ્તિ માટે સતત ઝઝુમતા રહેવા અપીલ કરેલી અને આ વાર્તાલાપ ગુરૂકુલ મહિલા કોલેજમાં યોજવા બદલ ઉપસ્થિત તજજ્ઞોનો આભાર માનેલો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ઉદિશા કોર્ડીનેટર અરવિંદ રાવલીયા તથા વિદ્યાર્થીની લીડર ડેનીશા જાગ, વિભા જાડેજા, વંદના ઓડેદરા અને કિંજલ વીસાણાએ જહેમત ઉઠાવેલી. માહિતી પ્રદાન ઉપયોગી એવા આ કાર્યક્રમને કોલેજના અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીનીઓએ રસપૂર્વક માણેલો.

'આજકાલ' ના! ૨૧-૦૯-૨૦૧૬
બુધવાર

# યુવા પેઢી હકારાત્મક અભિગમ દાખવે તો શ્રેષ્ઠ કારકીર્દી બનાવી શકે

## પોરબંદરની ગુરૂકુળ મહિલા કોલેજમાં પર્સનાલીટી ડેવલોપમેન્ટ શિબિર યોજાઈ: મનોવૈજ્ઞાનિકે આપ્યું માર્ગદર્શન

પોરબંદર

આજની યુવાપેઢી નાની નાની બાબતમાં નિરાશ અને નાસીપાસ થઈ જાય છે ત્યારે જો તે હકારાત્મક અભિગમ દાખવે તો શ્રેષ્ઠ કારકીર્દી બનાવવાની સાથોસાથ સારી રીતે જીવન પસાર કરી શકે.

પોરબંદરની આર્યકન્યા ગુરૂકુળ મહિલા કોલેજ ખાતે પર્સનાલીટી ડેવલોપમેન્ટ શિબિર યોજાતા ઉપરોકત મુજબનો સૂર ઉઠવા પામ્યો હતો. જ્ઞાન-વિજ્ઞાનના સત વધી રહેલા વ્યાપ વચ્ચે ઉચ્ચ શિક્ષણના અતિ મહત્વના સમયમાં વિદ્યાર્થીનીઓ યોગ્ય કારકીર્દીનું માર્ગદર્શન મેળવે તથા સ્વમાં શ્રધ્ધા પ્રગટ કરવા શક્તિમાન બને એ હેતુ સાથે સતત પ્રયત્નશીલ ગુજરાત સરકારના પ્રકલ્પ,



પોરબંદરની આર્યકન્યા ગુરૂકુળ મહિલા કોલેજ ખાતે પર્સનાલીટી ડેવલોપમેન્ટ સેમીનારનું આયોજન કરવામાં આવતા ડો. જીજ્ઞેશભાઈ પ્રશ્નાણીએ માર્ગદર્શન પુરૂ પાડ્યું તેની તસ્વીર. (તસ્વીરઃ જીજ્ઞેશ પોપટ)

ઉદિશા અંતર્ગત વ્યકિતત્વ વિકાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં પોરબંદર જીલ્લાના જાણિતા મનોવૈજ્ઞાનિક તથા મોટીવેટર ડો. જીજ્ઞેશભાઈ પ્રશ્નાણીએ તજજ્ઞ તરીકે સેવા પુરી પાડેલી હતી.

ડો. જીજ્ઞેશભાઈએ વિદ્યાર્થીનીઓ સમક્ષ સક્ષમ કારકીર્દિને જવલંત બનાવવા માટે વ્યકિતત્વ વિકાસની જરૂરીયાત સમજાવેલી તથા વ્યકિતત્વ વિકાસ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે એવું જણાવી વ્યકિતત્વ વિકાસના ચાર તબકકાઓ સમજાવેલા. તેઓના મતે વ્યકિતએ શરીર, પ્રાણ, મન અને અંતરાત્માના માધ્યમથી જ પોતાના વ્યકિતત્વને દૈદિપ્યમાન બનાવી શકે છે અને આ માટે તેઓએ સરલ શૈલીમાં સૂચનો રજુ કરેલા. તંદુરસ્ત શરીર માટે પ્રમાણીક પ્રયત્નો કરવાથી જ શરીરમાં પ્રાણિક ઉર્જા ચેતનવંતી બને છે જે માનવીના મન પર સકારાત્મક અસર કરે છે અને મનની અડગ શક્તિથી જ માણસ દિવ્યતાની પ્રાપ્તિ કરે છે. આમ વ્યકિતત્વ વિકાસ એટલે જીવન પરત્વેનો સકારાત્મક અભિગમ જે વ્યકિતમાં દ્રઢ નિર્ણયશક્તિ અને આત્મવિશ્વાસનું સર્જન કરે છે જે ઘટના આંતરમનને કાર્યદક્ષ બનાવે છે અને વ્યકિત અચૂક લક્ષ્ય પ્રાપ્તિ પામે છે. ત્યારબાદ ડો. જીજ્ઞેશભાઈએ વિદ્યાર્થીનીઓ દ્વારા નિરાશા, હતાશા, ધ્યાન, આત્મવિશ્વાસની ઉણપ, ચિંતાથી ઉત્પન્ન થતા વિવિધ શારીરીક દુઃખાવાઓ વિગેરે વિષય પર પુછાયેલા પ્રશ્નોના સંતોષકારક જવાબ આપી સમગ્ર વ્યકિતત્વ વિકાસની પ્રક્રિયાને સાચા અર્થમાં જીવંત બનાવેલી. આ પ્રસંગે સંસ્થાના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. જયેશભાઈ ભટ્ટે વિદ્યાર્થીનીઓને જાજરમાન વ્યકિતત્વ વિકાસ તથા કારકીર્દી બનાવવા શુભાશીષ પાઠવેલા. સમગ્ર કાર્યક્રમનું કોર્ડીનેશન ડો. નયનભાઈ ટાંક તથા અરવિંદભાઈ રાવલીયા દ્વારા કરવામાં આવેલું. વ્યકિતત્વ વિકાસના આ સચોટ, રસપ્રદ, માર્ગદર્શક કાર્યક્રમને કોલેજના તમામ અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર માણેલો હતો.

'દિવ્યભાસ્કર' ૩૧-૧-૧૯

# પોરબંદરની કોલેજમાં GPSC પરીક્ષા અંતર્ગત ક્વિઝ કોમ્પિટીશન યોજાઈ

## આજના યુગમાં લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

એજ્યુકેશન રીપોર્ટર | પોરબંદર

પોરબંદરની ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના હિન્દી વિભાગ દ્વારા ચાલતા સ્પર્ધાત્મક પરીક્ષા અભ્યાસ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીનીઓ માટે આજના યુગમાં લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંતર્ગત માર્ગદર્શન સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન માર્ગદર્શક સત્યમભાઈ વોરા તેમજ વિશાખાબેન વોરા ઉપસ્થિત રહ્યા હતા અને તેઓએ GPSC લેવલ સુધીની લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓ વિશે વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેમજ આ બધી જ પરીક્ષામાં સાહિત્યનું મહત્વ સમજાવી તેમાં વિશેષ રસ લેવા જણાવ્યું હતું. ત્યારબાદ કોલેજની વિદ્યાર્થીનીઓ માટે ક્વીઝ કોમ્પીટીશનનું એક સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ 64 વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. જેમાંથી કુલ 9 ટીમ બનાવી હતી.



વિજેતા ટીમને આકર્ષક ઈનામ આપવામાં આવ્યા હતા. તસ્વીર- ભાસ્કર

ફૂલછાબ, ૨૬-૧૨-૧૯

# જે વિષયનો શોખ હોય તેને કારકિર્દી તરીકે અપનાવવાથી સફળતા મળે

## પોરબંદરમાં કારકિર્દી પ્રેરણા સંવાદ

પોરબંદરઃ આજની યુવાપેઢી માતા-પિતા અથવા અન્યની સલાહ અથવા તો તેઓ જે પ્રમાણે કહે છે એ રીતે કારકિર્દી બનાવે છે, પરંતુ તેમાં તેઓ ખુશ હોતા નથી. તેથી જે વિષયનો શોખ હોય તેમાં કારકિર્દી બનાવાય તો ૧૦૦ ટકા સફળતા મળે છે. પોરબંદરની ગુરુકુલ મહિલા કોલેજમાં યોજવામાં આવેલા 'કારકિર્દી પ્રેરણા સંવાદ' માં ઉપરોક્ત મુજબનો સૂર ઉઠ્યો હતો. સંસ્થા દ્વારા 'કારકિર્દી પ્રેરણા સંવાદ'નું આયોજન યુવા મહિલા ધારાશાસ્ત્રી રુચિકાબેન કક્કડના અધ્યક્ષસ્થાને કરાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રાધ્યાપક ડો. નયન ટાંક દ્વારા વર્તમાન સમયમાં પ્રેરણાથી પરિશ્રમ અને પરિશ્રમથી પરિણામને આગવી શૈલીમાં સમજાવાયું હતું અને કાર્યક્રમના સંચાલકનું સ્વાગત કર્યું હતું.



*પોરબંદરની ગુરુકુલ મહિલા કોલેજમાં 'કારકિર્દી પ્રેરણા સંવાદ' (જિજ્ઞેશ પોપટ)*

રુચિકાબેન કક્કડ દ્વારા પ્રેક્ટિકલ અને થીયરી પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીનીઓને કારકિર્દી માટેની દિશા નક્કી કરવા માટે દિશા પૂરી પાડી હતી. તેઓએ વિદ્યાર્થિનીઓને સાહજિક રીતે પ્રેરણાનું સિંચન કરતા જણાવ્યું હતું કે, આપણી સ્વની ઓળખ પ્રસ્થાપિત કરવી એ જીવનનો પ્રથમ ઉદ્દેશ્ય હોવો જોઈએ અને આ સમય એ સફળતા માટેનું પહેલું પગથીયું છે. વધુમાં તેઓએ વાંચન, વિચારોની આપ-લે, નવતર જીવન દૃષ્ટિકોણ જેવી અનેકવિધ બાબતોને ખૂબ જ રસપ્રદ રીતે વર્ણવી હતી.

સંસ્થાના આચાર્ય ડો. અનુપમ નાગરે સંસ્થાની વિદ્યાર્થિનીઓને અબ્દુલ કલામનું વિધાન ટાંકતા જણાવ્યું હતું કે, તમે જેવું વિચારશો એવા જ બની જશો. આથી નવતર પ્રવાહોમાં ઉચ્ચ કારકિર્દી નિર્માણ માટે સજાગ બનવું ખૂબ જ જરૂરી છે અને એ માટેની પહેલી શરત છે હકારાત્મક વિચારો અને પુરુષાર્થ.

Jayhind: 19-11-2017.

# આજના યુગમાં તમારૂં ટેલેન્ટ વિકસાવો...નોકરીની રાહ જોવી નહીં પડે

## સોશ્યલ મીડીયા તમારા વ્યક્તિત્વનો અરીસો: પોરબંદરની ગુરુકુલ મહિલા કોલેજમાં વ્યવસાયીક માર્ગદર્શન અંગેનું વ્યાખ્યાન યોજાયું



પોરબંદરની ગુરુકુલ મહિલા કોલેજમાં વ્યવસાયીક માર્ગદર્શન અંગેનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું ત્યારની તસ્વીર. (તસ્વીર: જિજ્ઞેષ પોપટ)

પોરબંદર,તા.૧૮

આજે એકબાજુ નોકરી માટે શિક્ષીત બેરોજગારો ઠેરઠેર ભટકે છે, તો બીજી બાજુ અમુક ટેલેન્ટેડ યુવક-યુવતીઓને સામેથી તગડા પગારની નોકરીની ઓફરો થાય છે. તેથી જો યુવાપેઢી પોતાનું ટેલેન્ટ વિકસાવે તો નોકરીની રાહ જોવી નહીં પડે પણ સામેથી નોકરી મળશે. રાજરત્ન શ્રેષ્ઠીશ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા, આર્યકન્યા વિદ્યાલય ટ્રસ્ટ સંચાલિત ગુરુકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં કાર્યરત કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે વ્યવસાયીક માર્ગદર્શન અંગે વ્યાખ્યાન યોજાયું ત્યારે ઉપરોક્ત મુજબનો સૂર ઉઠયો હતો.

આજના સ્પર્ધાત્મક યુગમાં સ્નાતક થયા પછી સફળ કારકિર્દી માટે ક્યા પ્રકારના ડિગ્રી કોર્સ, ડીપ્લોમા કોર્સ પસંદ કરી શકાય તે માટે માર્ગદર્શન આપવાના હેતુથી 'વ્યવસાયીક માર્ગદર્શન' વિષયક વ્યાખ્યાન યોજાયું હતું. વ્યાખ્યાન માટે ઉપસ્થિત રહેલા ડો. પવન દ્વિવેદીનું પ્રો. ડો. જયેશભાઈ ભટ્ટે શાબ્દીક સ્વાગત કર્યું હતું. તો કોલેજના આચાર્ય ડો. અનુપમભાઈ નાગરે તેમનો પરિચય આપતા કહેલું કે, ડો. પવન દ્વિવેદી પારૂલ યુનિવર્સિટીના આઈ.ક્યુ.એ.સી. વિભાગના ડેપ્યુટી રજીસ્ટ્રાર અને ડાયરેક્ટર છે જેઓ એક પ્રખર ટ્રેઈનર પણ છે. લગભગ ૧૭ વર્ષથી મોટીવેશનલ સ્પીકર અને ઈન્ડસ્ટ્રી રીલેશન નિષ્ણાંત છે. તેઓએ મલ્ટી નેશનલ કંપનીઓ અને બીજા ઉદ્યોગોમાં ૯૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને નોકરી મેળવી આપવામાં મદદ કરી છે. ૧,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન આપ્યું છે. ૨૦૦૦ થી વધુ ઉદ્યોગો અને વ્યવસાયીકોને ટ્રેઈનીંગ આપેલી છે. એમણે 'જોબ પ્લેસમેન્ટ એન્ડ એમ્પ્લોયબીલીટી' અને 'સ્પીરીચ્યુઅલ ક્યોટીનેન્ટ' જેવા પુસ્તકો પ્રકાશિત કરેલા છે તો કાલિદાસના 'ગ્રહ મંગલાષ્ટક' નો અનુવાદ પણ કરેલો છે.

ડો. પવન દ્વિવેદીએ પોતાના વ્યાખ્યાનની શરૂઆત જીવાતા જીવનના દૈનિક પ્રશ્નોથી કરી હતી. વર્તમાન સમયમાં બનતી ઘટનાઓ ઉપર વિદ્યાર્થીનું ધ્યાન હોવું ખૂબ જરૂરી છે. ફિલ્મ પદ્માવતીના પ્રશ્નથી તેઓએ વિદ્યાર્થીઓને જણાવેલું કે, એક ભારતીય નાગરિક તરીકેની આપણી જવાબદારી છે કે આપણી સંસ્કૃતિના ભવ્ય ઈતિહાસને આપણે જાણતા હોય. વળી આ સ્પર્ધાત્મક યુગમાં માત્ર સરકાર નોકરી આપશે એવી આશા રાખી બેસી જવું તદ્દન ભૂલભરેલું છે અને સફળ કારકિર્દી માટેનું એક નબળું પાસું પણ છે. ત્યારે દરેક વિદ્યાર્થીની એમ વિચારે કે હું મારા સ્થાનેથી ક્યું કામ ખૂબ સારી રીતે કરી શકું છું અને પછી તે જ કાર્યદિશા ચીંધતા અભ્યાસક્રમો પસંદ કરે તો ભવિષ્યમાં તેની પાસે કદાચ નોકરી ન હોય પણ કામ તો હશે જ.

'વ્યવસાયીક માર્ગદર્શન' આપવાની ચર્ચાને આગળ વધારતા તેમણે બેન્કીંગ ક્ષેત્રે રહેલી અસંખ્ય તક, અનુવાદ ક્ષેત્રમાં રહેલી શક્યતાઓ, તેના માટેનું જરૂરી ભાષાકીય જ્ઞાન, ટાઈપરાઈટરની વર્તમાન યુગની માંગ, ઘરબેઠા જ ઉભી કરી શકાતી અનેક વ્યવસાયીક તકો વગેરેને જો વિદ્યાર્થી ઓળખી લે તો તેણે સરકારી નોકરીની રાહ નહીં જોવી પડે. આ ઉપરાંત જીવનમાં આગળ વધવા કોઈપણ વ્યક્તિએ પોતાનું લક્ષ્ય નક્કી કરી લેવું અને આદર્શ ગુરૂને ઓળખી તેની શરણ લેવી ખૂબ જ જરૂરી બને છે. કારણ કે, પથદર્શક જ મંજિલ સુધી પહોંચાડી શકે.

એક કરતા વધુ ભાષા પર પ્રભુત્વ એ વર્તમાન સમયની માંગ અને સફળ કારકિર્દી બનાવવાનો ઉત્તમ માર્ગ છે માટે નવી ભાષા શીખવાનો અતિ આગ્રહ રાખવો તેવું ભારપૂર્વક તેમણે સૂચન કર્યું હતું. જેના લીધે વિદ્યાર્થી માત્ર ગામડા અને શહેર સુધી સીમીત ન રહેતા વિશ્વના સંપર્કમાં સીધા જ જઈ શકશે.

ટેકનોલોજીના આ યુગમાં સ્માર્ટફોનના ઉપયોગની પાછળ મોટો સમય વેડફી રહેલા વિદ્યાર્થી વર્ગને તેમણે ટકોર કરતા કહ્યું હતું કે વોટ્સએપ, ફેસબુક જેવા સોશ્યલ મીડીયા તમારા વ્યક્તિત્વનો અરીસો છે. તેનો ઉપયોગ જેટલો પવિત્ર રીતે થશે તેટલું તમારું જ વ્યક્તિત્વ નીખરી ઉઠશે. આ યુગ સમય વેડફવાનો નહીં પણ સદુપયોગનો છે. ગુગલગુરુ તો આંગળીએ જ માર્ગદર્શન આપી રહ્યા છે. ત્યારે તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવો આપણી જવાબદારી બને છે. વિદ્યાર્થીનીઓને ભવિષ્યમાં નોકરીની તક મેળવવા ઉપયોગી બને તેવી ક્યેરા, ઓજસ અને નેશનલ કેરીયર સર્વિસ વગેરે સવલતોનો ઉલ્લેખ પણ તેઓએ તેમના વ્યાખ્યાનમાં કર્યો હતો. 'હું કાંઈ ન કરી શકું' એવા નકારાત્મક વિચારોને પોતાનાથી દૂર કરી શ્રેષ્ઠતા તરફ પ્રયાણ કરાવતો મંત્ર આપ્યો હતો - 'શ્રેષ્ઠ ઉમેદવારને શ્રેષ્ઠ તક' જે એમની પોતાની સફળતાનો પણ મંત્ર રહ્યો છે.

આ ક્ષણે તેઓમાં રહેલા કવિનો પરિચય આપવાના આચાર્ય ડો. અનુપમભાઈ નાગરના આગ્રહને વશ થઈને તેમણે પોતાની કવિતા 'કલીયુગ મેં ન આના રે પ્યારે કિશન કનૈયા' ની રજૂઆત કરી પોતાનું વક્તવ્ય સમાપ્ત કર્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેલના ઉપક્રમે પ્રિન્સીપાલના માર્ગદર્શન હેઠળ પ્રો. ડો. જયેશભાઈ ભટ્ટે કર્યું હતું અને કાર્યક્રમના અંતમાં પ્રો.ડો. કેતકીબેન પંડયાએ આભાર વ્યક્ત કર્યો હતો.

LIB:
Dr. SHARMISTHA PATEL
20.11.17.